# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## ભગવાન બિરસા મુંડાજીની જન્મ જયંતિ નિમિત્તે “*કોમ્યુનિટી રેડિયો 90.0 FM* દ્વારા વિશેષ કાર્યક્રમો

ભારત સરકાર દ્વારા દર વર્ષે 15 નવેમ્બરનાં દિવસે *ભગવાન બિરસા મુંડા*ની જન્મજયંતિ "જન-જાતિય ગૌરવ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ અવસરે ભારતીય આદિવાસી સમુદાયના યોગદાન, સંસ્કૃતિ અને વારસાને ઉજાગર કરવા માટે “જન-જાતિય ગૌરવ વર્ષ” તરીકે તા. 01/11/2025 થી 15/11/2025 દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીના માનનીય કુલગુરુ પ્રો.(ડૉ) અમી ઉપાધ્યાયજીના પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ ભગવાન બિરસા મુંડાના અવિસ્મરણીય જીવન સંદેશને જનજન સુધી પહોંચાડવાના હેતુસર તા. ૧૨/૧૧/૨૦૨૫ ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીના *Hello BAOU કોમ્યુનિટી રેડિયો 90.0 FM* દ્વારા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે વિશેષ કાર્યક્રમો પ્રસારણ હેતુ તૈયાર કરવામાં આવ્યા. આ પ્રકારના કાર્યક્રમોના નિર્માણ અને પ્રસારણથી વિદ્યાર્થીઓ, ગ્રામજનો અને શ્રોતાઓમાં ભગવાન બિરસા મુંડાના સ્વાભિમાન, અડગતા અને સમાજ માટેના સમર્પણ અંગે જાગૃતિ પેદા કરવાના ઉદેશ્ય સાથે આદિવાસી સમાજની ગૌરવપૂર્ણ પરંપરાઓ અને આદિવાસી નાયકોએ આપેલો વારસો યુવા પેઢી સુધી પહોંચે અને તેઓમાં રાષ્ટ્રનિર્માણ માટેની ભાવના વધુ મજબૂત બને તેમજ આદિવાસી ગૌરવ અને સામાજિક સમરસતાના સંદેશને સફળતાપૂર્વક લોકચેતનામાં પ્રસરાવી શકાય.







